પત્રિકા
૧૫૯

# ચિરાગે હિદાયત

૧૮/૦૫/૧૮
૨ રમઝાન

## તકવા

**યા અય્યોહલ લઝીન આમનુ કોતેબ અલય્કોમુસ્સલામ કમા કોતેબ અલલ લઝીન મીન કબ્લેકુમ લઅલ્લકુમ તત્તકુન**

''અય ઈમાન લાવનારાઓ! તમારી ઊપર રોઝા વાજિબ કરી દેવામાં આવ્યા છે જેવી રીતે તમારી પહેલાના લોકો ઊપર વાજિબ કરી દેવામાં આવ્યા હતા કે શાયદ તમે તકવા ઈખ્તેયાર કરો.'' *(સૂરએ બકરહ, આ.૧૮૩)*

માહે રમઝાન અલ્લાહનો મહિનો છે અને આ મહિનામાં બંદાઓ અલ્લાહના મહેમાન છે. આ રહેમતો અને મગફેરતે ઈલાહીનો મહિનો છે. આ મહિનો રૂહની તહારત માટે ઈલાજનો એક કોર્ષ છે. નફસની પાકીઝગી અને તરબિયતનો મહિનો છે.

આમ તો પૂરૂ વર્ષ ઈન્સાન નફસની પાકીઝગી અને પોતાની તરબિયત કરી શકે છે. પરંતુ માહે રમઝાનમાં કુદરત તરફથી એવી વ્યવસ્થા છે કે મોઅમેનીનના દિલો આપમેળે જ પયગામે ખુદાને હાંસિલ કરવા, તેને સમજવા અને તેની ઊપર અમલ કરવા માટે તૈયાર થઈ જાય છે. આ દિલની ખાસ હાલતનું કારણ આ જ આમાલ અને દુઆઓ છે કે જે આ મુબારક મહિનામાં વારિદ થઈ છે.

રોઝા, નમાઝ, દુઆઓ અને ઝિયારતોથી ઈન્સાનના દિલ નરમ થઈ જાય છે અને રૂહ પાક થઈ જાય છે. આ બધું તે માટે છે કે પાક પયગામને હાંસિલ કરવા માટે દિલને પાક કરવામાં આવે.

અલ્લાહનો પયગામ પાક અને તાહિર છે માટે હવે જેના દિલમાં તે પયગામને જવાનું છે તેનું દિલ પાક હોવું જરૂરી છે. તમે અગર એક ગંદા વાસણમાં સાફ પાણી નાખશો તો તે ગંદુ થઈ જશે અને પીવાને લાયક નહિં રહે.

એહલેબૈત(અ.મુ.સ.)ની સિરતથી તેમજ તેમની દુઆઓ, મુનાજાત અને રિવાયતોથી આપણને માલૂમ થાય છે કે મોઅમીન માટે આ મહિનામાં દાખલ થતા પહેલા બહેતર છે કે જેઓએ આપણી પર ઝુલ્મ કર્યા અને અઝીય્યત પહોંચાડી છે તે

દરેકને અલ્લાહની રેઝા અને ખુશનુદી માટે માફ કરી દેવામાં આવે કે જેથી આવી રીતે ઈન્સાન પોતાને અલ્લાહ તઆલાની મગફેરતનો હકદાર બનાવી દે. આપણે અલ્લાહ પાસે બક્ષિશની ઊમ્મીદ કેવી રીતે રાખી શકીએ જ્યારે કે આપણા દિલોમાં બીજા પ્રત્યે અદાવત ભરેલી હોય?!

હઝરત દાઉદ(અ.સ.)એ અલ્લાહની બારગાહમાં ઈલ્તેજા કરી કે ‘‘બારે ઈલાહા! દુનિયાની રસ્મ છે કે દરેક બાદશાહોના ખઝાના હોય છે અને તું તો બાદશાહોનો બાદશાહ અને કાએનાતનો એકમાત્ર માલિક છે. તારો ખઝાનો ક્યાં છે? મને તારો ખઝાનો બતાવ.’’ તો રબ્બુલ ઈઝ્ઝતની તરફથી અવાજ આવી કે **‘‘અય દાઉદ! મારા ખઝાના મોઅમીનોના કોલુબ (દિલ) છે. જ્યાં મારી મોહબ્બત અને મારા ચાહનારાઓનું રહેઠાણ છે.’’** આથી માલૂમ થાય છે કે જે દિલમાં અલ્લાહની મોહબ્બત અને અલ્લાહના ખાસ હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને તેમની આલ(અ.મુ.સ.)ની મવદ્દતનું નૂર હોય તો તેમાં તે કેવી રીતે શક્ય છે કે અદાવત અને કિનાને જગ્યા મળી શકે?

તો શાયદ આ જ કારણ છે કે રમઝાનુલ મુબારકના ઈસ્તેકબાલમાં દરેક વખત બાઈમાન અને મુત્તકી ઈન્સાનને જે કામો અંજામ આપવાના છે તે આ છે કે બીજાને માફ કરવા કે જેથી ખુદા તેને માફ કરે અને પોતાના દિલમાંથી દુશ્મની, હસદ, કિનો અને બુગ્ઝ જેવી શૈતાની સિફતોને કાઢી નાખવી કે જેથી આ દિલ અલ્લાહની રહેમતનો ખઝાનો બની શકે અને મોઅમીન અલ્લાહના તકવાથી આરાસ્તા થઈ જાય.

ઈમામ રઝા(અ.અ.) ઈરશાદ ફરમાવે છે કે **‘‘જે રમઝાનુલ મુબારકમાં પોતાના ગુસ્સા અને ગઝબ પર કાબૂ રાખશે, તો કયામતના દિવસે અલ્લાહ તેની ઊપર ગઝબ કરવાથી પરહેઝ કરશે. જે આ મહિનામાં સિલે રહમીને કત્અ કરશે તો અલ્લાહથી મુલાકાતના સમયે અલ્લાહ પણ પોતાની રહેમતને તેની ઉપર મુન્કતઅ કરી (કાપી) દેશે.’’ અને ઈમામ(અ.અ.) આ પણ ઈરશાદ ફરમાવે છે કે ‘‘જે આ મહિનામાં પોતાના મોઅમીન ભાઈ ઊપર નિગાહ કરીને ખુશ થઈ જાય અને મુસ્કુરાહટ આપે. તો કયામતના દિવસે અલ્લાહથી મુલાકાતના સમયે તેને અલ્લાહની રેઝા હાંસિલ થશે અને જન્નતની બશારત મળશે.’’**

એહલે ઈરફાન અને તે લોકો કે જેઓ અલ્લાહવાળા છે તેમજ જેમના દિલોમાં તકવાએ ઈલાહી છે, તેમની માટે રમઝાનુલ મુબારક તેમની ઝિંદગી અને હયાતે માનવી માટે તાઝગી છે તેમજ અલ્લાહ સુધી પહોંચવા માટે એક નવી મંઝિલ અને નવા પગથિયા પર કદમ મુકવાનો દિવસ છે અને તે આ મહિનાથી આગળના મહિના સુધી પોતાના નફસની સુધારણા (મોહાસેબા) કરે છે.

રમઝાનુલ મુબારકનો મહિનો ઈમામ રઝા(અ.સ.)ની નઝરમાં એક મુકાબલાના એવા મેદાનની જેવું છે કે જેમાં અલ્લાહના બંદા અલ્લાહની પૈરવી કરવા અને જન્નતુલ ફિરદૌસમાં જગ્યા બનાવવામાં સબકત મેળવે (આગળ વધે) છે. જે આ મહિનાના આખરી સમય સુધી ચાલુ રહે છે.

ઈસ્લામી રિવાયતોમાં રમઝાનુલ મુબારકનો મહિનો ત્રણ મોટી ખાસિયતો ધરાવે છે. (૧) તેના પહેલામાં હિસ્સો રહેમતોની વરસાદ વરસે છે, (૨) તેની વચ્ચેના હિસ્સામાં મગફેરતોની વરસાદ વરસે છે અને (૩) તેનો આખરી હિસ્સો જહન્નમની આગથી નજાત અપાવે છે.

આ મહિનાની પહેલી રાતથી આસમાનના દરવાજા ખૂલી જાય છે અને આ મહિનાની આખરી રાત સુધી તે ખૂલ્લા રહે છે. જેમાં મહેરબાન ખુદા બંદાઓની નેકીઓને વધારે છે અને ગુનાહોને મિટાવી દે છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)થી રિવાયત છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ખુત્બામાં ફરમાવ્યું કે **“રમઝાનુલ મુબારકના મહિનામાં પોતાની ઝબાનને હિફાઝતમાં રાખો, પોતાની આંખોને જે ચીઝોથી બચાવીને રાખવાનો હુકમ છે તેનાથી બચાવીને રાખો અને પોતાના કાનોને જે ચીઝોથી બચાવવાનો હુકમ કર્યો છે તેનાથી બચાવીને રાખો.”**

ઈમામ રઝા(અ.સ.) ઈરશાદ ફરમાવે છે કે **“જ્યારે તમે રોઝો રાખો છો તો તમારી આંખ, કાન અને વાળ પણ રોઝેદાર હોય.”**

જનાબે ફાતેમા(સ.અ.) ઈરશાદ ફરમાવે છે કે **"રોઝેદારના તે રોઝાથી શું ફાયદો કે જેણે પોતાની ઝુબાન, કાન, આંખ અને તમામ અંગોને ગુનાહોથી ન બચાવ્યા હોય."**

માહે રમઝાન હજારો મગફેરતનો સામાન લઈને આવ્યો છે. આ મુબારક મહિનામાં ફરિશ્તાઓ સવાર-સાંજ અલ્લાહના હુકમથી અવાજ આપે છે કે **"હલ મીન તાઈબ હલ મીન મુસ્તગ્ફિર - છે કોઈ તૌબા કરવાવાળો? છે કોઈ મગફેરત તલબ કરવાવાળો?"** આ નજાત અતા કરવાના યકીની વાયદાઓ છે. પરંતુ અફસોસ દુનિયા મુસલમાનો ઉપર એવી રીતે ગાલિબ આવી ગઈ છે કે દુનિયાની દરેક વાત સાંભળવા તૈયાર છે પણ આખેરતની એક અવાજ પણ સાંભળવી પસંદ કરતા નથી.

અય મુસલમાનો! શા માટે? શું તમે એમ ધારી લીધું છે કે જે થવાનું હતું તે થઈ ગયું હવે મલેકુલ મૌત આપણી પાસે નહીં આવે? શું અલ્લાહની બારગાહમાં પોતાના આમાલની સાથે પેશ થવાનું નથી?

અય ઈમાન લાવનારાઓ! દુનિયા એક મૃગજળ છે કે જેનાથી તરસ છીપાવી શકાતી નથી. આથી મર્યા પછી તે મંઝિલ ઉપર પહોંચવાનું છે અને ત્યાંની માટે સામાનની તૈયારી કરવી જરૂરી છે.

આથી માહે રમઝાન ઈન્સાનને મુત્તકી બનાવવાનો બહેતરીન મહિનો છે. ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ઈરશાદ ફરમાવે છે **"જે બંદો પોતાના ઈમાનને ચાલીસ દિવસ સુધી ખાલિસ કરી લે અથવા ઝિક્રે ખુદાથી પોતાને ઝિન્નત બક્ષે તો અલ્લાહ દુનિયામાં તેને મુત્તકી કરાર આપે છે અને એટલી બશારત અતા કરે છે કે પોતાની બીમારી અને તેની દવાની તલાશ પોતે જ કરી શકે છે. તેના દિલમાં હિકમત સાબિત થઈ જાય છે અને ઝુબાનથી હિકમતના શબ્દો જારી થઈ જાય છે."**

આ માટે ઈમામ રઝા(અ.સ.) ફરમાવે છે કે **"આ મહિનામાં દુઆ કરો કે તમારા રોઝા કબૂલ થાય અને આ રોઝાને તમારો આખરી રોઝો કરાર ન આપે, તમને આ મહિનામાં બંદગી કરવાની તૌફિક અતા કરે અને બૂરાઈઓથી બચાવીને રાખે. હકીકતમાં તે અલ્લાહ બહેતરીન સાંભળવાવાળો છે."**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com